ક્રમાંક : એઈસી-૧૫૮૯૯/૫૦૫૫/ક
ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ,
૫, સરદાર ભવન, ચોથોમાળ,
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૪મી ઓક્ટોબર, ૧૯૮૯

પ્રતિ,
જનરલ મેનેજર (કોમર્શીયલ)
અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની લીમીટેડ
લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧

મેનેજર અને ચીફ એક્ઝીક્યુટીવ,
સુરત ઈલેક્ટ્રીસીટી કંપની લીમીટેડ
તિલક મેદાન, પો.બો. નં.૨૭૧,
સુરત-૩૯૫૦૦૩

**વિષય :** <u>વારિગૃહના વીજદરમાં સુધારણા કરવા બાબત</u>

**શ્રીમાન,**

સ્થાનિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતા વારિગૃહોના વીજદરોમાં રાહત આપવા માટે ધારસભ્યક્ષશ્રીઓ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ તરફથી અવારનવાર રજૂઆતો કરવામાં આવતી હતી. પંચાયતોની નબળી આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખી, ગુજરાત વિદ્યુત બોર્ડના વીજ પૂરવઠાના વિસ્તારમાં આવેલ ગ્રામ પંચાયતો તેમજ નગર પંચાયતોના વારીગૃહો માટે વીજળી વપરાશ ઉપર યુનિટ દીઠ રાહત આપવા માટે આ વિભાગના તા.૧-૭-૮૯ ના પત્રથી ગુજરાત વિદ્યુત બોર્ડને જણાવવામાં આવેલ હતું. ગુજરાતવિદ્યુત બોર્ડ અને અન્ય વીજ પરવાનેદારોના વિસ્તારોમાં સ્થાનિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતા વારીગૃહોના વીજદરોમાં એકસુત્રતા અને સામ્ય રહે તેઆશયથી અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની અને સુરત ઈલેક્ટ્રીસીટી કંપનીના વીજ પરવાનાના વિસ્તારોમાં આવતા ગ્રામ પંચાયતો તેમજ નગર પંચાયતોના વારીગૃહો માટે વીજળી વપરાશ ઉપર યુનિટ દીઠ નીચે મુજબદર લેવાનો સરકારશ્રીએ નિર્ણય કરેલ છે.

(૧) ગ્રામ પંચાયતો માટે વારીગૃહોના વીજ દર યુનિટ દીઠ ૨૫ પૈસા

(૨) નગર પંચાયતો માટે વારીગૃહોના વીજ દર યુનિટ દીઠ ૪૫ પૈસા

ઉપરોક્ત દરો સામાન્ય ઉત્પાદન ખર્ચ તેમજ અન્ય વિગતોને ધ્યાનમાં લઈ વખતો વખત સુધારવામાં આવશે.

ઉપરોક્ત દરોનો અમલ માન. મુખ્યમંત્રીશ્રીએ તા.૨-૫-૮૯ ના રોજ પંચાયત રેલી સમક્ષ કરેલ હોઇ, તેનો અમલ તા.૧-૫-૮૯ થી કરવાનો રહેશે. આ દરો ગુજરાત પાણી પૂરવઠાઅને ગટર વ્યવસ્થા બોર્ડની ગ્રામ પંચાયતો અને નગર પંચાયતોના પીવાના પાણીનીયોજનાઓને પણ લાગુ પડશે.

અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપનીઅને સુરત ઈલેક્ટ્રીસીટી કંપનીએ વારીગૃહોના વીજદરોના આ સુધારાથી થતા ખરેખર નુકસાનની ગણતરી કરી, સબસીડી માટેની દરખાસ્ત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને કરવાની રહેશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ઉપરોક્ત સબસીડી માટેની જોગવાઈ તેનાબજેટમાં પાણી પૂરવઠાની પ્લાનસીલીંગ સામે કરી, અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની અને સુરત ઈલેક્ટ્રીસીટી કંપનીને વારીગૃહ માટેનાવીજદરોમાંથયેલ ઘટાડાથી નુકસાન માટે સરભર કરશે.

આપનો વિશ્વાસુ,

સહી/-
(એ.એમ.તીવારી)
નાયબ સચિવ,
ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ

**<u>નકલ રવાના :</u>**

- માન.મંત્રીશ્રી (ઉર્જા) ના અંગત સચિવશ્રી,
- માન. રાજ્યકક્ષાના મત્રીશ્રી (ઉર્જા) ના અંગત સચિવશ્રી,
- સચિવશ્રી (પાણી પૂરવઠા)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (આયોજન પ્રભાગ)
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- જનરલ મેનેજર(કોમર્સ)
- ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા
- માન. મંત્રીશ્રી (માર્ગ અને મકાન) ના અંગત સચિવશ્રી